BRAMPTON Service and Information Update

માર્ચ 20, 2023

# મૃત વોટરફાઉલ (હંસ, કલહંસ અને બતકો)નું એવિઅન ઈન્ફ્લુએન્ઝા પરીક્ષણ હકારાત્મક આવ્યું

બ્રેમ્પટન, ઓન્ટેરિયો – પ્રોફેસર્સ લેક અને ડંકન વૅલી ફોસ્ટર સાઉથના વિસ્તારોમાં અગાઉ નોંધાયેલા મૃત વોટરફાઉલનું એવિઅન ઈન્ફ્લુએન્ઝા (બર્ડ ફ્લુ) પરીક્ષણ હકારાત્મક આવ્યું છે.

નમૂનાઓ કેનેડિયન વાઈલ્ડલાઈફ હેલ્થ કો-ઓપરેટિવ (CWHC) ને મોકલવામાં આવ્યા હતા, જ્યાં એવિઅન ઈન્ફ્લુએન્ઝા (બર્ડ ફ્લુ) મૃત્યુનું કારણ હોવાનું મંજૂર થયું હતું.

સીટી ઑફ બ્રેમ્પટનની એનિમલ સર્વિસીસ ટીમ પરિસ્થિતિ પર સક્રિયપણે દેખરેખ રાખી રહી છે અને બધાં સરકારી સાથીઓ સાથે કામ કરી રહી છે.

મનુષ્યોમાં એવિઅન ઈન્ફ્લુએન્ઝા (બર્ડ ફ્લુ) ફેલાવાનું જોખમ અત્યંતપણે અસામાન્ય છે. અત્યારે સામાન્ય લોકોને જોખમ વધવાના કોઈ સૂચકો નથી.

રહેવાસીઓ અને પાળેલા પ્રાણીઓના આરોગ્ય અને સુરક્ષાનું રક્ષણ કરવામાં મદદ માટે, સીટી ઑફ બ્રેમ્પટન મૃત વોટરફાઉલની વધેલી સંખ્યાના પ્રતિભાવમાં નીચે સૂચનો આપી રહ્યું છે.

પાળેલા પ્રાણીના માલિકોને નીચેની સાવચેતીઓ રાખવાનું કહેવામાં આવે છે:

- પ્રાણીઓને કોઈપણ વોટરફાઉલ કે મળથી દૂર રાખો
- વોટરફાઉલને કંઈ ખવડાવશો નહિ અથવા અન્યથા વોટરફાઉલ સાથેનો સંપર્ક ટાળશો
- બિલાડીઓને ઘરની અંદર રાખો
- કૂતરાઓને બાંધેલા રાખો (મ્યુનિસિપલ બાય-લૉ હેઠળ અનિવાર્ય)
- પાળેલા પ્રાણીઓને (દા.ત., કૂતરાઓ કે બિલાડીઓને) રમતા પક્ષીઓ કે પોલ્ટ્રીનું કોઈ કાચું માંસ ખવડાવશો નહીં
- પાળેલા પક્ષીઓ, જો સામાન્ય રીતે ઘરની અંદર ન રખાતા હોય તો, તેઓને મર્યાદિત ઘરની અંદર રાખવા જોઈએ
- પક્ષીઓ માટેના બર્ડ ફીડર્સ કાઢી નાખવા અથવા સાબુ અને પાણીથી અવારનવાર ધોઈને બેક્ટેરિયલ કે વાઈરલ દૂષણની તક ઘટાડવી

અત્યારે, મૃત વોટરફાઉલ જોવામાં આવ્યા હતા તે બધી જાહેર જગ્યાઓ જાહેર જનતા માટે ખુલ્લી હોવાનું જોવામાં આવ્યું છે. મૃત વોટરફાઉલને એવિઅન ઈન્ફ્લુએન્ઝા (બર્ડ ફ્લુ)નો ચેપ લાગ્યો હોઈ શકે છે તે અંગે સામાન્ય લોકોને માહિતગાર કરવા સાઈનેજ (સાઇન બોર્ડ) લગાડવામાં આવશે.

જો જાહેર જનતામાંથી કોઈને મૃત વોટરફાઉલ જોવામાં આવે તો તેઓને 3-1-1 નંબર પર કૉલ કરવાનું કહેવામાં આવે છે.

કેનેડિયન ગૂસ (Geese) પર વધુ માહિતી સીટી ઑફ બ્રેમ્પટનની વેબસાઈટ પર અહીં જોઈ શકાય છે.

એવિઅન ઈન્ફ્લુએન્ઝા (બર્ડ ફ્લુ) પર વધુ માહિતી ગવર્મેન્ટ ઑફ કેનેડાની વેબસાઈટ પર અહીં જોઈ શકાય છે.

-30-

**મીડિયા સંપર્ક (MEDIA CONTACT)**
સીટી ઑફ બ્રેમ્પટન મલ્ટીકલ્ચરલ મીડિયા
multiculturalmedia@brampton.ca